# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

'માનવતા' માં પણ ઉપાધિ મેંટલી હોય છે!
દેખાય નિર્લેપ, લીંપેલાં ટોટલી હોય છે,
ગમે તેટલી મથામણે, ગૂંચવાય કોકડું -
એટલી ખટપટોમાં ય શાંત 'જેટલી' હોય છે
(આસ્તીન કા સાપ)

## હાઈકુ

ધસમસતા
વિકાસ પ્રવાહમાં -
થઇ ઘૂમરી..
(ઇર્ષાનું વમળ)

મંચે ન.મો.નાં -
નાચે કઠપૂતળાં -
ખેલ લ.મો.ના..
(ઉદ્યોગપતિઓનો ઉદ્યોગ)

## ચિંતન

**બાલાદપિ ગૃહીતવ્યં યુક્તમુક્તં મનીષિભિઃ ।**
**રવેર વિષય કિં ન પ્રદીપસ્ય પ્રકાશનમ્ ॥**

'સારી રીતે બોલાયેલું વચન બાળક પાસેથી પણ સાંભળવા મળે તેને બુદ્ધિશાળી જનો સ્વીકારી લે છે અર્થાત કોઇ બાળકની પાસે સારો ઉત્તમ વિચાર હોય તો તેને ધ્યાનથી સાંભળી-સમજી બુદ્ધિશાળી લોકો સ્વીકારી બાળકને પણ માન્યતા આપે છે. જેમ કે જયાં સૂર્યનો પ્રકાશ ન હોય ત્યાં શું નાનો દીવડો પણ કામ નથી આવતો?'

આજકાલ સંશોધનનો જમાનો છે ટેકનીકલ સંસ્થાઓમાં શિક્ષણ સાથે અવનવાં સંશોધનના પ્રોજેક્ટ - સ્પર્ધાઓ યોજવામાં આવે છે અને એમાંથી સમાજને ઉપયોગી એવા સંશોધન થાય છે.

ઘણીવાર ખેડૂતો પણ પોતાની ખેતીમાં સુવિધા વધારવા પ્રયોગો કરતાં હોય છે અને નવાં નવાં સાધનો બનાવતા રહે છે આમ અભણ-સાદા ખેડૂતો પણ પોતાના અનુભવી જ્ઞાનથી જે સાધન વિકસાવે તેનો સ્વીકાર થવો જોઇએ.

બાળક સારું-સાચું-ઉમદા જ્ઞાન, સલાહ વિચાર આપે તો તે 'નાનો છે' એવું માની તેની અવગણના ન થવી જોઇએ. તેની સ્વીકૃતિ થવી જોઇએ.

## સુવિચાર

- બોલબાલા જૂઠની જોયા કરે.. સત્યના તો બસ પ્રયોગ જ થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- છો ઉછાળી ધૂળ હવે હરખાવ ના, સત્યનો સૂરજ કદી ઝંખવાય ના - **હરીન્દ્ર દવે**
- પૂજાપાઠ નહીં કરો તો ચાલશે, પણ રોજીંદા કામમાં સમયની કે નિષ્ઠાની કે પ્રામાણિકતાની ચોરી ન કરો તો એ પૂજાપાઠ સમાન છે - **વજુ કોટક**
- જેને ખુદ ને સહાનુભૂતિની જરુર છે એ જ સહાનુભૂતિની લ્હાણી કર્યા કરતો હોય છે - **અનામી**
- આ સંસારમાં એક ઇશ્વરનો ભય બીજા બધા ભયોમાંથી મુક્ત કરે છે - **સંત ફ્રાન્સીસ**
- જયાં મમતા અને પ્રેમ હોય ત્યાં ખોટા વિવેકને સ્થાન નથી - **ઝેન કથન**
- પ્રત્યેક વ્યક્તિની નીતિમત્તા જ લોકશાહી શાસનની સફળતાનો મૂળ સિદ્ધાંત છે - **જનકલ્યાણ**

(સંકલન : દિપક વી. આસરા)

## બોધ કથા

આપણે કોઇ પણ કામ 'પતાવવા' ની જેમ મન વગર-વેઠથી કરીએ છીએ એટલે એમાં ભલીવાર આવતો નથી. એકવાર મનથી નિશ્ચય કરો કે હું જે કામ કરું છું શ્રેષ્ઠ જ હોય - મન અને ધ્યાનપૂર્વક રસ અને ઉત્સાહથી કરેલું કોઇ પણ કામ શ્રેષ્ઠ જ હોય.

સ્વામી વિવેકાનંદ અમેરિકામાં હતા ત્યારે તળાવની પાળે બેઠા હતા. બાજુમાં ૪-૫ વિદ્યાર્થી તળાવમાં દડા ફેંકી બંદૂક વડે તેનું નિશાન લેતા હતા. કોઇ પણ વિદ્યાર્થી સફળ થયો નહીં. એટલે વિવેકાનંદજીથી નિર્દોષ હાસ્ય થઇ ગયું.

ત્યારે એક વિદ્યાર્થીએ કહ્યું. સ્વામીજી તમે પણ ટ્રાય કરો!

વિવેકાનંદ કહે મને બંદૂક પકડતા નથી આવડતું છતાં પ્રયત્ન કરી જોઉં... અને બંદૂક હાથમાં લીધી...

નિશાન તાક્યું, ઊંડો શ્વાસ લીધો, નજર સ્થિર કરી અને ધનાનન ગોળીઓ છોડી બધા દડા વિંધાઇ ગયા... વિવેકાનંદજી એ વિજયસ્મિત સાથે બંદૂક વિદ્યાર્થીઓના હાથમાં પાછી આપી.

યુવાન વિદ્યાર્થીએ પૂછ્યું - સ્વામીજી તમને તો બંદૂક પકડતાં પણ નો'તી આવડતી છતાં આવું સરસ નિશાન કેમ લઇ શક્યા?

વિવેકાનંદ કહે જે કામ હાથમાં લ્યો તેમાં જીવ પરોવી ધ્યાનથી અને મક્કમ વિશ્વાસથી જો કરવામાં આવે તો કોઇ પણ કામમાં સફળતા મળે જ..

Email - sureshchandrabhatt18@gmail.com

# ગુજરાતી ભાષા માટે સંસ્કૃત ભાષા કેવી ગણાય છે?

## ગુજરાતી સાહિત્ય જગત

(૧) ગુજરાતના પક્ષીઓ વિષે વિસ્તૃત જાણકારી આપતું 'પક્ષી જગત' પુસ્તક કોણે લખ્યું?
(અ) મનુભાઇ જોધાણી (બ) પ્રધુમન કંચનરાય દેસાઇ
(ક) વિજયરાય કલ્યાણરાય (ડ) વિશ્વનાથ ભટ્ટ

(૨) 'કહ્યું કથે તે શાનો કવિ? શીખી વાત ને શાને નવી' આ કાવ્ય પંક્તિ કોની છે?
(અ) અખો (બ) પ્રેમાનંદ
(ક) શામળ (ડ) પ્રીતમ

(૩) સૌરાષ્ટ્રી બોલીમાં 'અટાણે' શબ્દનો પ્રયોગ કયો છે?
(અ) અત્યારે (બ) હટાણે
(ક) આટલો (ડ) ઓટલો

(૪) ગુજરાતી ભાષા માટે સંસ્કૃત ભાષા કેવી ગણાય છે?
(અ) વિદેશી ભાષા (બ) જનની ભાષા
(ક) ભગીની ભાષા (ડ) સ્થાનિકભાષા

(૫) ઉત્તર ગુજરાતની બોલીને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે?
(અ) હાલારી (બ) વાઢિયારી
(ક) પટ્ટણી (ડ) ચરોતરી

(૬) મધ્યકાલીન સાહિત્યમાં કયા કવિ સૌથી વધુ લોકપ્રિય પદ્યવાર્તાકાર તરીકે જાણીતા છે?
(અ) અખો (બ) ભાલણ
(ક) શામળ ભટ્ટ (ડ) નાકર

(૭) 'ઝબૂક વીજળી ઝબૂક' કોના બાળ કાવ્ય સંગ્રહ છે?
(અ) રાજીવ પટેલ (બ) મકરંદ દવે
(ક) નિરંજન ભગત (ડ) રમેશ પારેખ

(૮) મધ્ય કાલીન ગુજરાતી સાહિત્યનો છેલ્લો કવિ કોને માનવામાં આવે છે?
(અ) ભાલણ (બ) અખો
(ક) દયારામ (ડ) પ્રેમાનંદ

(૯) રામનારાયણ વિશ્વનાથ પાઠકનું ઉપનામ શું છે?
(અ) ધૂમકેતુ (બ) દર્શક
(ક) કલાપી (ડ) શેષ

(૧૦) 'લોહીનું ટીપું' વાર્તાના લેખકનું નામ શું છે?
(અ) જયંતી ખત્રી (બ) જયંતિ દલાલ
(ક) સુરેશ જોષી (ડ) ચુનિલાલ મડિયા


(૧૧) મકરંદ દવે એ કયા સામયિકમાં કામ કરેલું?
(અ) હરિજનબંધુ (બ) અખંડાનંદ
(ક) નવચેતન (ડ) કુમાર

(૧૨) જાણીતું ગીત 'ઉબરે ઊભી સાંભળું રે બોલ...' ની રચના કોણે કરી છે?
(અ) મણીલાલ દેસાઇ (બ) યજ્ઞેશ દવે
(ક) સુંદરમ્ (ડ) રા.વિ. પાઠક

(૧૩) ગુજરાતી સાહિત્યના કયા કવિ અંધ હતા?
(અ) ભાલણ (બ) પ્રીતમ
(ક) ન્હાનાલાલ (ડ) કવિ ધીરો

(૧૪) પ્રેમાનંદે જીવન નિર્વાહ અર્થે કયો વ્યવસાય સ્વીકાર્યો હતો?
(અ) કર્મકાંડ (બ) દરજીકામ
(ક) સોની (ડ) વેપાર

(૧૫) 'સિદ્ધહેમશબ્દાનુશાસન'? કયા સાહિત્ય પ્રકારમાં લખાયેલ છે?
(અ) ચોપાઇ (બ) દુહા
(ક) શ્લોક (ડ) વાર્તા



## ખજાનો

- ડૉ. અનિલ પટેલ

anilbhaikpatel@gmail.com

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૯ જૂન ૧૯૨૨ એન્જે એન બોહર - ડેનીશ ભૌતિકશાસ્ત્રી, નિલ બોહરના પુત્ર, ૧૯૭૫માં નોબેલ પ્રાઇઝ
- ૧૯ જૂન ૧૯૧૦ પૌલ જે ફલોરી - અમેરીકન ફિઝીકલ કેમિસ્ટ, સિન્થેટીક અને નેચરલ મોલેક્યુલ્સ શોધ બદલ ૧૯૭૪માં નોબલ પ્રાઇઝ વિજેતા
- ૨૦ જૂન ૧૮૬૧ સર ફેડરીક ગોવલેન્ડ હોપકીન્સ - ઈંગ્લીશ બાયોકેમીસ્ટ, વિટામીન ઉપર વિશેષ સંશોધન બદલ ૧૯૨૯માં નોબલ પ્રાઇઝ મળ્યું.
- ૨૦ જૂન ૧૮૬૦ એલેકઝાન્ડર વિનોટોન - સ્કોટલેન્ડના વતની, અમેરીકન ઓટોમાબઈલ એન્જીનીયર, વિન્ટોન સિક્સસ' કારના જનક
- ૨૧ જૂન ૧૮૯૮ ડોનાલ્ડ કલૌર પેટ્ટી : અમેરીકન બોટાનીસ્ટ, અને નેચરાલીસ્ટ. જાણીતા લેખક
- ૨૧ જૂન ૧૮૯૬ સીબી. મોસેન - અમેરીકન સંશોધક અને નેવી ઓફિસર. સબમરીનમાં સફર કરતા લોકો માટે 'મોસમ લન્ગ' બનાવનાર.
- ૨૨ જૂન ૧૮૯૯ રીચાર્ડ ડી. ડ્યુ - અમેરીકન ઈન્વેસ્ટર અને એન્જીનીયર, ૩૦ જેટલી શોધોની પેટન્ટ કરાવનાર
- ૨૨ જૂન ૧૮૯૨ એન. હોવેલ્સ ફોરમેન - અમેરીકન એનાલીટીકલ કેમીસ્ટ, યુરેનિયમ નિસ્યંદન પદ્ધતિ આપનાર
- ૨૩ જૂન ૧૯૩૭ નિકોલસ શાકલેટોન - ઈંગ્લીશ જુઓલોજીસ્ટ. કાર્બન ડાયોકસાઈડ ગ્રીન હાઉસ ગેસ છે તેવું સાબિત કરનાર
- ૨૩ જૂન ૧૯૧૨ એલન એમ. ટર્નીંગ - ઈંગ્લીશ ગણિતશાસ્ત્રી, કોમ્પ્યુટર થીયરીના સ્થાપક, કોમ્પ્યુટર માટેની લોજીકલ એનાલીસ પ્રોસેસ પર કામ કરનાર.
- ૨૫ જૂન ૧૯૦૯ વિલિયમ પેની - બ્રિટીશ ન્યુક્લિઅર વૈજ્ઞાનિક, દ્વિતીય વિશ્વયુદ્ધના સમયે એટોમીક બ્રિટીશ મિશનના સક્રીય સભ્ય હતા.
- ૨૫ જૂન ૧૮૩૩ વિકટર ફ્રેન્સીસ હેઝ : એસ્ટ્રોલિયન - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, કોસ્મીક કિરણો પરની શોધ બદલ ૧૯૩૬માં નોબેલ પ્રાઇઝ મળ્યું.
- ૨૬ જૂન ૧૯૦૫ રૂપર્ટ વિલ્ટ - જર્મન અમેરીકન એસ્ટ્રોનોમર, જુદા જુદા ગ્રહો પરના વાતાવરણ અંગે સંશોધન કરનાર
- ૨૬ જૂન ૧૮૬૪ વોલ્ટર હર્મન નેર્સ્ટ - જર્મન ફિઝીકલ કેમીસ્ટ ફાઉન્ડર ઓફ મોર્ડન ફિઝીકલ કેમેસ્ટ્રી.

## ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - દિલ્હી સરકારના આપ પાર્ટીના કયા નેતા પર મહિલા ઉત્પીડન માટે ફરિયાદ થઇ છે? જવાબ : સોમનાથ ભારતી**

## સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) હાર્દિક આર. મકવાણા : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' - સે-૭
(૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૬) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ૬૨૦/, સે૬બી
(૭) એ.જી. અમદાવાદવી - સે-૨બી
(૮) એન.એન.પાઠક : સે-૨૨, ગાંધીનગર

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**આઇ.પી.એલ. ક્રિકેટ ટુર્નામેન્ટનો વિચાર આપનાર અને તેને શરુ કરનાર કોણ હતા?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) અ (૨) ક (૩) અ (૪) બ (૫) ક (૬) ક (૭) બ (૮) ક (૯) ડ (૧૦) અ (૧૧) ડ (૧૨) અ (૧૩) બ (૧૪) ક (૧૫) બ

# રાષ્ટ્રીય અસ્મિતાના પ્રતીક સોમનાથનું હિંદુકરણ બિનહિંદુઓના દર્શનના વિવાદમાં મોરારિબાપુ અને સ્વામી સચ્ચિદાનંદ આમને સામનેઃ સ્વામિનારાયણ સર્વસમાવેશક

## અતીતથી આજ

ડો. હરિ દેસાઇ

ભારતીય અસ્મિતાના પ્રતીક સમા સોમનાથ મંદિરમાં બિનહિંદુઓને દર્શન કરવા માટે લિખિત અરજી કરીને મંજૂરી મેળવવાની નવતર જોગવાઇના અમલીકરણથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠે આવેલા સોમનાથના જ્યોતિર્લિંગના દર્શનનો વિવાદ વણસ્યો છે. ૧૧ મે ૧૯૫૧થી અત્યાર લગી સોમનાથનાં દર્શને જનારાઓને વિશે ભાગ્યે જ કોઈ વિવાદ સર્જાયો છે, પરંતુ હમણાંથી શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી-સચિવ અને ગુજરાત સરકારના મુખ્ય સચિવ રહેલા નિવૃત્ત સનદી અધિકારી શ્રી પ્રવીણ કનુભાઇ લહેરીએ બિનહિંદુઓને નિર્ધારિત અરજી પત્રક ભરીને જ સોમનાથ જ્યોતિર્લિંગનાં દર્શન કરવાની છૂટ આપવાના કરેલા આદેશે રીતસર વિવાદ ભડકાવ્યો છે.

સોમનાથના જીર્ણોદ્ધાર માટેના નેહરુ સરકારમાં નાયબ વડા પ્રધાન અને ગૃહમંત્રી રહેલા સરદાર વલ્લભભાઈ પટેલને તેમના સાથી પ્રધાન અને ગુજરાતી અસ્મિતાના પ્રણેતા-સર્જક એવા ક.મા. મુનશીના આગ્રહને પગલે ૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ જૂના શ્રી સોમનાથ મંદિરના ભગ્નાવેશ જોઈને ખિન્નમસ્તક બનેલા સરદારશ્રી વલ્લભભાઈ પટેલે તે જ સમયે સોમનાથના સાગરતટે જઈને શ્રી સોમનાથના પુનર્નિર્માણનો સંકલ્પ કર્યો હતો. ગાંધીજીનો આગ્રહ હતો કે હિંદુ મંદિરના જીર્ણોદ્ધાર માટે સરકારી નાણાં વપરાય નહીં, એટલે સંવત ૨૦૦૪ના બેસતા વર્ષના પ્રથમ દિવસે જ એટલે કે ૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ નવાનગરના રાજવી જામસાહેબે રૂપિયા એક લાખ અને આરઝી હકૂમતના વડા શ્રી શામળદાસ ગાંધીએ રૂપિયા ૫૧ હજારનો ફાળો આપવાની જાહેરાત કરી હતી. ક.મા. મુનશીએ શ્રી સોમનાથ ટ્રસ્ટનું ટ્રસ્ટડીડ તૈયાર કર્યું અને જામ સાહેબના અધ્યક્ષપદે શ્રી સોમનાથ ટ્રસ્ટ કાર્યરત થયું હતું. જામસાહેબના નિધન પછી મુનશી એના અધ્યક્ષ બન્યા. એમના અનુગામી તરીકે શ્રી મોરારજી દેસાઈ, શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ, શ્રી દિનેશ શાહ અને શ્રી કેશુભાઈ સવદાસ પટેલ આવ્યા અને શ્રી સોમનાથ ટ્રસ્ટના પ્રમુખપદને સંભાળતા રહ્યા. અત્યારે પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ અધ્યક્ષના હોદ્દે કાર્યરત છે. શ્રી લાલકૃષ્ણ અડવાણી અને શ્રી નરેન્દ્ર મોદી(વડાપ્રધાન) એના ટ્રસ્ટીમંડળમાં સેવારત છે. શ્રી લહેરી ટ્રસ્ટી મંડળના સભ્યસચિવ અને ટ્રસ્ટી એટલે કે મેનેજિંગ ટ્રસ્ટી તરીકે કાર્યરત છે. અત્યારે સોમનાથ દર્શનનો મહિમા ઘણો વ્યાપક બન્યો છે.

૮ મે ૧૯૫૦ના રોજ સૌરાષ્ટ્રના રાજપ્રમુખ અને શ્રી સોમનાથ ટ્રસ્ટના પ્રથમ પ્રમુખ જામસાહેબ શ્રી દિગ્વિજય સિંહના વરદહસ્તે સોમનાથના પુનર્નિર્માણનો શિલાન્યાસ થયો. એ પહેલાં ૮ એપ્રિલ ૧૯૫૦ના રોજ સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઉચ્છંગરાય ઢેબરના વરદહસ્તે સોમનાથના પુનર્નિર્માણના શિલાન્યાસ માટે ભૂમિખનન વિધિ થયો હતો. ગર્ભગૃહ પૂરું થતાં શિવલિંગ પ્રાણ-પ્રતિષ્ઠા ૧૧ મે ૧૯૫૧ના રોજ ભારતના રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદના હસ્તે થયો હતો. સરદાર વલ્લભભાઈ પટેલ સામાન્ય રીતે ભાગ્યે જ કોઈ મંદિરમાં દર્શને જતા હતા, પરંતુ સોમનાથને ૧૬-૧૬ વખત મહંમદ ગઝનીએ તોડ્યાના ઈતિહાસના પરિચયને કારણે એમણે ભારતીય અસ્મિતાના પ્રતીક તરીકે સોમનાથનો જીર્ણોદ્ધાર કરાવવાનો સંકલ્પ કર્યો હતો. આઝાદ ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુને સોમનાથનો જીર્ણોદ્ધાર થાય એ પસંદ પડ્યું નહોતું. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ સરદારના નિધન પછી રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદ સોમનાથના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં પધારે એ પણ નેહરુને રુચ્યું નહોતું, છતાં ક.મા.મુનશીને આપેલા વચનને પૂર્ણ કરવા માટે રાષ્ટ્રપતિ સોમનાથ પધાર્યા ત્યારે નેહરુ સરકારે એમના ભાષણને રીતસર બ્લેકઆઉટ કર્યું હતું. જો કે સોમનાથ ટ્રસ્ટનાં પ્રકાશનોમાં ડૉ.રાજેન્દ્ર પ્રસાદનું ૧૧ મે ૧૯૫૧નું એ મનનીય વ્યાખ્યાન પ્રકાશિત કરવામાં આવ્યું હતું. એમાં સરદાર પટેલ અને ક.મા. મુનશી સાથે અંતરંગ સંબંધ ધરાવતા પ્રથમ રાષ્ટ્રપતિએ કહ્યું હતું : " આ દેશમાં વસનારા પ્રત્યેક સંપ્રદાયના લોકોને એક સમાન સુવિધાઓ પ્રાપ્ત થાય એવી ધર્મનિરપેક્ષતાની નીતિ ભારતીય સંઘે અપનાવી છે. આ જ નીતિ મુજબ મારી શ્રદ્ધા અને ભક્તિ બધા ધર્મો પ્રત્યે રહે છે. ભલે સનાતની હિંદુ ધર્મમાં વિશ્વાસ ધરાવતો હોઉં, છતાં હું એવું પણ માનું છું કે અન્ય ધર્માવલંબીઓ પોતાની રીતે ભગવાનની પૂજા અર્ચના કરીને એમને પ્રાપ્ત કરી શકે છે. એટલે બધા જ ધર્મોનાં પવિત્ર સ્થાનો પ્રત્યે હું માત્ર આદર જ ધરાવું છું, એટલું જ નહીં એ આદર અવસર મળે ત્યારે વ્યક્ત કરવામાં ક્યારેય સંકોચ કરતો નથી. અવસર પ્રાપ્ત થતાં હું દરગાહ અને મસ્જિદ, દેવળ અને ગુરૂદ્વારામાં એ જ શ્રદ્ધા સાથે જાઉં છું, જેવી શ્રદ્ધા સાથે મારાં મંદિરોમાં હું જાઉં છું. આજનો અવસર પણ આ જ જાતની સચ્ચાઈને પુષ્ટિ બક્ષનારો છે. "

સમયાંતરે શ્રી સોમનાથ ટ્રસ્ટની કામગીરી વિસ્તરતી રહી અને લાખો શ્રદ્ધાળુઓ પ્રતિ વર્ષ અહીં આવતાં રહ્યાં છે. ૪ એપ્રિલ ૧૯૭૦ના રોજ અહીં સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમાનું અનાવરણ શ્રી રવિશંકર મહારાજના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. સરદારશ્રીની પ્રેરણાથી સોમનાથનો જીર્ણોદ્ધાર થયાની સ્મૃતિ કાયમ રાખવાનો આ પ્રયાસ હતો. સમયાંતરે દેશના રાજકીય માહોલમાં પરિવર્તન આવતું રહ્યું અને કેન્દ્રમાં ભારતીય જનતા પક્ષ અને ડાબેરીઓના ટેકે શ્રી વિશ્વનાથ પ્રતાપસિંહની સરકાર હતી ત્યારે મંડળ-કમંડળની રાજનીતિમાં સોમનાથનો રાજકીય ઉપયોગ પણ થયો. ભાજપ નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીએ સોમનાથથી અયોધ્યાની રથયાત્રા જાહેર કરી અને ભાજપના રાષ્ટ્રીય સત્તારોહણનાં પગલાં મંડાયાં. ગુજરાતમાં ભાજપના સત્તારોહણ સાથે શ્રી સોમનાથ ટ્રસ્ટમાં ભાજપના નેતાઓના ટ્રસ્ટી તરીકેના પ્રવેશ અને એના સરકારીકરણ સુધીના વર્તમાનનો યુગ જોવા મળ્યો.

છેક ૧૯૫૧થી લઈને હજુ હમણાં સુધી સોમનાથમાં દર્શને આવતા હિંદુ અને બિનહિંદુ વચ્ચે ભાગ્યે જ કોઈ ભેદ રખાયો હતો. જોકે શ્રી સોમનાથ ટ્રસ્ટના સચિવ-ટ્રસ્ટી (મેનેજિંગ ટ્રસ્ટી) શ્રી લહેરીએ બિનહિંદુઓ દર્શને આવતાં ક્યારેક વિવાદ સર્જાતા હોવાની વાત કરી અને મેનજિંગ ટ્રસ્ટીને ક.મા.મુનશીએ ઘડેલા ટ્રસ્ટ-ડીડમાં પ્રાપ્ત સત્તાની રૂએ બિનહિંદુઓને દર્શન માટે મંજૂરી લેવાની જોગવાઇ કરવામાં આવ્યાનું એમણે જણાવ્યું છે. ગુજરાતના ટોચના અધિકારીઓમાં સામાન્ય રીતે બિનવિવાદાસ્પદ આઈએએસ અધિકારીની છાપ ધરાવનારા લહેરીએ અગાઉ તેઓ બનાસકાંઠાના કલેકટર હતા ત્યારે અંબાજીનાં દર્શન માટેના નવા પ્લાનને અમલમાં લાવવા માટેનું સ્તુત્ય કામ કરેલું છે. એમણે શ્રી સોમનાથ ટ્રસ્ટના દાયકાઓથી ટ્રસ્ટી રહેલા પ્રા. જે.ડી. પરમારે બિનહિંદુઓ ઉપર પાબંદી ટ્રસ્ટી મંડળનો નિર્ણય નથી, લહેરીનો આપખુદ છે, એવું નિરર્થક ઉંબાડિયું કર્યા વિશે દુઃખ વ્યક્ત કર્યું હતું. લહેરી કહે છેઃ " સોમનાથનાં દર્શને આવનારા બિનહિંદુઓ મંજૂરી લઈને દર્શન કરી રહ્યા છે. એમને કોઈ વાંધો નથી. વળી વ્યવસ્થાની આવી સત્તા મેનેજિંગ ટ્રસ્ટીને મુનશીના ટ્રસ્ટ-ડીડમાં અપાયેલી જ છે. "

લહેરી વિવાદ પર ઠંડુ પાણી રેડવાનો પ્રયાસ કરતા હોવા છતાં સાધુ-સંતો અને રાજકીય નેતાઓએ સોમનાથ દર્શનના વિવાદને વણસાવ્યો છે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શ્રી ભરતસિંહ માધવસિંહ સોલંકીએ એને ભાજપનું ચૂંટણીલક્ષી ગતકડું ગણાવ્યું છે. ગુજરાત સરકારના સત્તાવાર પ્રવક્તા અને સીનિયર પ્રધાન નીતિન પટેલે આ નિર્ણય સાથે સરકારને કોઈ લેવાદેવા હોવાનું નકારીને કાને હાથ દીધા છે. સામાન્ય રીતે ક્રાંતિકારી લેખાતા સ્વામી સચ્ચિદાનંદે બિનહિંદુઓને લેખિત ફોર્મ ભરીને જ દર્શનની મંજૂરી અપાવવાના પગલાને આવકાર્યું છે, જ્યારે પ્રસિદ્ધ રામકથાકાર મોરારિબાપુ અને બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સંસ્થા(બીએપીએસ)ના સંતોને આવું પગલું ગમ્યું નથી. સોમનાથનાં દર્શન સૌને માટે ખુલ્લાં રાખવામાં આવે અને આવી પૂર્વમંજૂરીની જરૂરિયાત નહીં હોવાનું તેમનું કહેવું છે. ટ્રસ્ટી મંડળ આ વિશે મૌન છે, પણ એના એક ટ્રસ્ટી પ્રા. જે.ડી. પરમારે લહેરી સામે વિરોધ નોંધાવ્યો છે. વિશ્વ હિંદુ પરિષદના સુપ્રીમો ડૉ.પ્રવીણ તોગડિયા તિરુપતિ અને રામેશ્વરને ટાંકીને કહે છે કે સોમનાથનાં દર્શન હિંદુ માટે જ ખુલ્લાં હોવાં જોઈએ.

ભાજપના નેતા ડૉ. સુબ્રમણિયન સ્વામીએ બિનહિંદુઓને સોમનાથ દર્શન માટે પૂર્વમંજૂરી લેવાની કરવામાં આવેલી જોગવાઈને આવકારી છે, પણ નરેન્દ્ર મોદીના વડપણવાળી ભારત સરકારમાં કેબિનેટ પ્રધાન રામવિલાસ પાસવાન કહે છેઃ 'સોમનાથ મંદિરમાં બિનહિંદુના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવો ખોટો છે. પ્રધાનમંત્રી મોદીજી બધાને સાથે લઈને ચાલવાની અને દેશના વિકાસની વાત કરે છે, ત્યારે આવા ધર્મ કે વર્ગના ભેદ યોગ્ય નથી'. આવતા દિવસોમાં સોમનાથ દર્શનનો વિવાદ વધુ વણસે એવી શક્યતા ખરી. દક્ષિણના ગુરુવાયુર હિંદુ મંદિરમાં બિનહિંદુને પ્રવેશ નથી, હિંદુ માટે પણ ડ્રેસકોડ છે. જોકે ગુરુવાયુરના એટલે કે કૃષ્ણના આ મંદિરમાં શ્રદ્ધા ધરાવનારા કેરળના ખ્રિસ્તી મુખ્યમંત્રી એ.કે.એન્ટનીએ પોતાના દીકરાનાં લગ્ન મંદિર પરિસરના બહારના ભાગમાં યોજ્યાં એ પછી સમગ્ર મંદિર પરિસરનું શુદ્ધિકરણ ગૌમૂત્રથી કરવામાં આવ્યું હતું.

છ-છ દાયકા સુધી સોમનાથના મંદિરમાં દર્શને આવનારાઓમાં હિંદુ અને બિનહિંદુ વચ્ચે ભેદભાવ કરવામાં આવ્યા નથી. અત્યાર લગી બિનહિંદુઓને નોખા તારવવામાં આવ્યા નથી, તો આજે જ્યારે કેન્દ્ર અને રાજ્યમાં હિંદુવાદી મનાતી સરકાર હોય ત્યારે સોમનાથ જેવા રાષ્ટ્રીય અસ્મિતાના પ્રતીકનાં દર્શન કરવામાં ધાર્મિક ભેદભાવને દાખલ કરવાની મહેચ્છા કોને સૂઝી એ મહાપ્રશ્ન છે. સામાન્ય રીતે લહેરી આવો કટ્ટરવાદી નિર્ણય લેવા માટે જાણીતા નથી, પણ એમણે કયા સંજોગોમાં અથવા કોના દબાણ હેઠળ આવો નિર્ણય લેવો પડ્યો એ શોધનો વિષય છે. સોમનાથના સાચા અને તટસ્થ ઈતિહાસના જાણકારી માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'પ્રભાસ અને સોમનાથ' (લેખકઃ શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ, નિવૃત્ત આઈએએસ અધિકારી) વાંચવાની ભલામણ સાથે સોમનાથ દર્શન વિવાદનો આ અધ્યાય અહીં પૂર્ણ કરીએ.

# પચાસ વર્ષ પહેલાં એના બાપે એક લારીમાં ભજીયાંનો ધંધો શરુ કરેલો, એ વખતે તો એ દશ વર્ષનો હતો, બાપને ધંધામાં મદદ કરતો એટલે હોંશિયાર થઇ ગયો

## પરંપરા

- જય ગજ્જર

સૂટમાં ઊભેલા એક ગ્રાહકને આવકારતાં લાલજીએ સ્મિત સહ પૂછ્યું, 'કેટલા આપું સાહેબ?'

'જરા ટેસ્ટ તો કરાવો. સ્વાદ ગમે પછી ઓર્ડર આપું.'

ગરમાગરમ બેચાર ભજીયાં આપતાં વિનયપૂર્વક લાલજી બોલ્યા, 'સાહેબ નવા લાગો છો. એકવાર મારાં ભજીયાં ખાશો પછી રોજ અહીં આવશો. મારા બાપુએ શરુ કરેલા આ ધંધાને પચાસ વર્ષ થઈ ગયા. બાપુ તો ગયા પણ એનો ટેસ્ટ નથી ગયો. એમની પરંપરા જાળવી રાખી છે. આજના નવા જમાનાના દીકરાને હાથે કાલ શું થશે એની તો મને ખબર નથી. પણ આ ડોસો જીવશે ત્યાં સુધી એ શાખ જાળવી રાખશે.'

'કાકા, તમે પાકા વેપારી બની ગયા લાગો છો. ધંધાનો સારો ચિતાર આપ્યો.' અને બે ભજીયાં ખાઈને ઉમેર્યું, 'મને દશ શેર આપો.'

'એટલા બધા? કેમ કંઇ પાર્ટી છે?'

'હા, મારે ઘેર જૂના મિત્રોની મિલન પાર્ટી છે. ટેસ્ટ તમે એવો ને એવો જ જાળવી રાખ્યો છે.'

'એવો ને એવો એટલે હું કંઇ સમજ્યો નથી, સાહેબ. તમે પહેલાં મારા ભજીયાં ખાધેલાં?'

'હાં, લાલજી, એ ટેસ્ટ જ મને અહીં તમારી પાસે ખેંચી લાવ્યો છે. મને ખબર નહિ કે હજુ તમારી દુકાન હશે. પણ આજ એક જૂના મિત્રે વર્ષો પહેલાં રીશેષમાં તમારાં ભજીયા ખાતા હતા એ યાદ તાજી કરી.'

એ સાંભળતા સાઠ વર્ષના લાલજી ભજીયા તરતાં ઊભો થઈ ગયો. પચાસ વર્ષ પહેલાં એના બાપે એક લારીમાં ભજીયાંનો ધંધો શરુ કરેલો. એ વખતે તો એ દશ વર્ષનો હતો. બાપને ધંધામાં મદદ કરતો એટલે હોંશિયાર થઈ ગયો. ઘરાકી વધતી જતી હતી અને રાયપુરના ભજીયાને નામના મળી. લાલજીએ બાજુમાં ખાલી પડેલી એક દુકાનનો બેંકમાંથી લોન લઈ સોદો કર્યો. બેંક મેનેજર એના ભજીયાંના રસીયા હતા. રોજ રીશેષમાં એનાં ભજીયાં મંગાવે. કયારેક બેંકમાં લોન ભરવા જવાનું થતું ત્યારે બેંક મેનેજરને પૂછતો, 'ઠાકર સાહેબ, ભજીયાંનો ટેસ્ટ એ જ રહ્યો છે ને!'

'હા, લાલજી, તારા બાપની કળા તે સારી રીતે હાંસલ કરી છે. તારા નામની બોલબાલા છે. લોકો દૂર દૂરથી તારાં ભજીયાં લેવા આવે છે. ખંત અને પ્રેમથી ધંધો ચલાવી એ કળા જાળવી રાખજે!'

'ભગવાનની કૃપા છે. જીવશું ત્યાં સુધી એ ટેસ્ટ અને એ નામના જાળવી રાખીશું. સમયને વીતતા કયાં વાર લાગે છે! કાલ તો કોણે દીઠી છે?' અને ખુશ થઈને ચાલ્યો જતો. એ દુકાનને જોતજોતામાં ચાલીસ વર્ષ પૂરાં થયાં એનો એને આનંદ અને ગર્વ હતો. સવારે એણે ઠાકર સાહેબને યાદી કરી રવજીને કહેલું, 'બેટા, તુ પણ આ પરંપરા અને ટેસ્ટ જાળવી રાખજે.'

સામે ઊભેલા ઠાકર સાહેબ પાસે દોડી જઈને એમના પગ પકડી બોલ્યો, 'તમે સાહેબ, અહીં કયાંથી? પરદેશમાં રહેતા હતા ને!'

'હા, નવા જમાનાના દીકરાને ભણાવ્યો, ધંધે વળગાડ્યો હોંસે હોંસે પરણાવ્યો. ઘેર વહું આવતાં અમે ભારરુપ થઈ પડ્યાં એટલે અમને દેશમાં તગડી મૂક્યાં. નવા જમાનાની અસર ભઈલા!'

'સાચી વાત છે. કૉલેજના રવાડે ચઢી કુટુંબ ભાવનાની પરંપરા કદાચ ભૂલી જાય એ સમજીને તો મેં રવજીને કૉલેજમાં ન મોકલતાં અહીં ધંધામાં વળગાદી દીધો. નવા જમાનાની અસર નીચે એક દિ ઘરડા માબાપને રસ્તા વચ્ચે ઊભાં કરે દે તો ઘરડે ઘડપણ કયાં જઈએ?' આંસુ લૂંછતા એના પંદર વર્ષના દીકરા સામે જોઈ કહ્યું, 'બેટા, રવજી, કુટુંબની પરંપરા અને માબાપના સંસ્કાર કદી ના ભૂલતો.' લાલજીના એ શબ્દો વાગોળતા ઠાકર સાહેબે ભીની આંખો લૂછી ભજીયાં લઈ ઘરની વાટ પકડી.